# મોરબી નગરપાલિકાના ચીફ ઓફિસર ઝાલા સસ્પેન્ડ

**મોરબી બ્રિજ દુર્ઘટના સંદર્ભે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મોરબીની મુલાકાત કરી હતી, જ્યાં ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા પણ કરી હતી**

મોરબી,તા.૪

મોરબી દુર્ઘટનાને લઈને મોટી કાર્યવાહી કરવામાં આવી છે. મોરબી નગરપાલિકાના ચીફ ઓફિસર સંદિપસિંહ ઝાલાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. શહેરી વિકાસ વિભાગ દ્વારા કાર્યવાહી કરાઈ છે. ૩૦ ઓક્ટોબર રવિવારની સાંજે મોરબીમાં આવેલી મચ્છુ નદી પરનો ઝુલતો બ્રિજ તુટી પડ્યો હતો. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૧૩૪ લોકોનાં મોત થયાં છે. દુર્ઘટના સર્જાયા બાદ ઘણા લોકોને બચાવામાં આવ્યા હતા. મચ્છુ નદીમાંથી લોકોને ડૂબતા બચાવા માટે ઘણા તરવૈયા અને તંત્રની ટીમો દ્વારા જહેમત ઉઠાવામાં આવી હતી. આ સાથે ડૂબી ગયેલા લોકોને શોધવા માટે આર્મી, એનડીઆરએફ, એર ફોર્સ, એસડીઆરએફ સહિતની ટીમો દ્વારા સર્ચ ઓપરેશન પણ શરુ કરવામાં આવ્યું હતું. ૩૦ ઓક્ટોબર રવિવારની સાંજથી શરુ કરવામાં આવેલું આ સર્ચ ઓપરેશન આજે પૂર્ણ થયેલું જાહેર કરવામાં આવ્યું છે. ૫ દિવસ સર્ચ ઓપરેશન ચાલ્યા બાદ આજે પૂર્ણ જાહેર કરાયું છે. રાહત કમિશનરની અધ્યક્ષતામાં મિટીંગ કલેક્ટર કચેરી ખાતે યોજવામાં આવી હતી. આ મિટીંગમાં મચ્છુ નદીમાં શરુ કરાયેલું સર્ચ ઓપરેશન પૂર્ણ જાહેર કરવામાં આવ્યું હોવાની સુત્રોમાંથી માહિતી મળી છે. ૨ વ્યક્તિઓ મચ્છુ નદીમાં હજી પણ લાપતા થયેલા હોવાની માહિતી મળી હતી જેથી સર્ચ ચાલુ રાખવામાં આવ્યું હતું. બે દિવસ સુધી પણ કોઈ પણ વ્યક્તિનો મૃતદેહ મળી આવ્યો નહતો. આજે પણ શોધખોળ ચાલુ રાખવામાં આવી હતી પરંતુ કોઈ મૃતદેહ ના મળતાં સર્ચ ઓપરેશન બંધ કરાયું છે. મોરબી બ્રિજ દુર્ઘટના સંદર્ભે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મોરબીની મુલાકાત કરી હતી. જ્યાં ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા પણ કરી હતી.

આ ઉચ્ચ સ્તરીય બેઠકમાં પુલ દુર્ઘટનાથી સર્જાયેલી પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. પ્રધાનમંત્રીએ મોરબી જીૅ કચેરીમાં કરેલી હાઈલેવલ મિટીંગમાં કહ્યું કે, અધિકારીઓએ પીડિત પરિવારો સાથે સંપર્કમાં રહેવું જોઈએ અને આ દુઃખદ સમયમાં તેમને શક્ય તમામ મદદ મળે તે સુનિશ્ચિત કરવું જોઈએ. અધિકારીઓએ પ્રધાનમંત્રી મોદીને બચાવ કામગીરી અને અસરગ્રસ્ત લોકોને આપવામાં આવતી સહાય વિશે માહિતી આપી હતી. પીએમ મોદીએ કહ્યું કે, સમયની જરૂરિયાત છે કે એક વિગતવાર અને વ્યાપક તપાસ કરવામાં આવે જે આ દુર્ઘટના સાથે જોડાયેલા તમામ પાસાઓને ઓળખી શકે. પીએમ મોદીએ કહ્યું કે, અધિકારીઓએ પીડિત પરિવારો સાથે સંપર્કમાં રહેવું જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે આ દુઃખની ઘડીમાં તેમને શક્ય તમામ મદદ મળે.

# શહેરમાં ક્રોસ જંકશન પર ગેપ ઈન મિડીયનની યોજનાને મંજુરી નહીં

**મુખ્યમાર્ગો પર સર્વેના આધારે રીપોર્ટ તૈયાર કરાયા બાદ યોજના આખરી થશે : હાલ વહીવટી મંજુરી આપવામાં આવી નથી**

ગાંધીનગર તા ૪

શહેરના મુખ્યમાર્ગો પર ગતિ નિયંત્રણના અભાવે માર્ગ સલામતી જોખમાઇ છે. જયારે માર્ગ સલામતીન પરિબળોને યોગ્ય કરવા માટે માર્ગ મકાન વિભાગ અને પોલીસતંત્રના અધિકારીઓ વચ્ચે પણ અનેકવાર બેઠકો યોજવામાં આવી છે. શહેરના ક્રોસ પોઈન્ટ પાસે અકસ્માત નિવારવા માટે જંકશન સુધારણા અન્વયે નવતર આયોજન કરાયુ હતુ. જેમાં ક્રોસ પોઈન્ટ પર માર્ગ ઓળંગતા વાહનો માટે વિવિધ ૧૭ જંકશનોને અનુલક્ષી એક નવી લેઈન તૈયાર કરવાની વિચારણા હાથ ધરવામાં આવી હતી. જયારે યોજના પાછળ અંદાજિત રૂ ૫.૮૦ કરડોનો ખર્ચ નિયત કરાયો હતો. પરંતુ આ પ્રાજેકટને અનુલક્ષી વિભાગ કક્ષાએથી હાલ વહીવટી મંજુરી આપવામાં ન આવતા હાલ આ કામ શરૂ કરવામાં આવશે નહીં. જયારે આ માટે આગામી દિવસોમાં સર્વે હાથ ધરી આગળ આયોજન કરાશે તેવો પણ નિર્ણય લેવાયો છે.

શહેરના મુખ્યમાર્ગો પર ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે માર્ગ સલામતી જોખમાઇ છે. જેના લીધે અવારનવાર અકસ્માતો પણ થાય છે. શહેરમાં અકસ્માતનો આંકડો પણ ચિંતાજનક છે. જયારે રોડ સેફટીને અનુલક્ષી જનજાગૃતિ કેળવાય તે માટે અનેકવાર ઝુંબેશ પણ હાથ ધરવામાં આવે છે. ત્યારે શહેરના મુખ્યમાર્ગો પર માર્ગ સલાતમીને જોખમમાં મુકતા પરિબળોને દુર કરવા માટે પણ અનેકવાર માર્ગ મકાન વિભાગના અધિકારઓ અને પોલીસતંત્ર વચ્ચે બેઠક પણ યોજવામાં આવી છે. અગાઉ મુખ્યમાર્ગો પરના ક્રોસ જંકશન પણ બંધ કરવા અને સર્કલથી સર્કલ એન્ટ્રી કરવા માટે પણ વિચારણા હાથ ધરવામાં આવી હતી જો કે તે મામલે આગળ યોજના ન વધતા હાલ પણ મુખ્યમાર્ગો પર સેકટરોના એપ્રોચ પરથી સીધી એન્ટ્રી થાય છે. જેના લીધે મુખ્યમાર્ગો પર બેફામ ગતિએ દોડતા વાહનો ગમે ત્યારે અકસ્માત નોંતરે છે. આ સ્થિતિને નિવારવા માટે તંત્ર દ્વારા જંકશન સુધારણા માટે એક નવી કાર્યયોજનાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં શહેરના મુખ્ય ઘ અને ચ માર્ગ સહીત મુખ્યમાર્ગો પરના અંદાજિત ૧૭ જેટલા ક્રોસ જંકશનને આવરી લેવાનુ આયોજન કરાયુ હતુ. આ યોજના અન્વયે કોબા નજીક સ્થિત ક્રોસ જંકશન પાસે ગેપ ઈન મિડીયન સ્વરૂપે કામ કરવામાં આવ્યુ છે. જયારે આ પેટર્ન પર શહેરના મુખ્ય માર્ગો પર સેન્ટ્રલ વર્જમાં એક નવી લેન તૈયાર કરવાનુ આયોજન કરાયુ હતુ. જેથી વાહનચાલકોને રસ્તો ઓળંગવામાં સરળતા રહે જયારે માર્ગ સલામતી પણ જોખમાય નહીં. ક્રોસ પોઈન્ટ પર ૧૦૦ મીટરની નવી લેઈન તૈયાર કરવામાં આવતા વળાંકને અનુલક્ષી વાહનો આ લેઈનમાં આવી જાય તે મુજબની યોજના તૈયાર કરવા ગતિવિધિઓ હાથ ધરવામાં આવી હતી. જેથી મુખ્યમાર્ગો પર આવતા વાહનો તેની સાથે પાછળથી ટકરાશે નહીં અલબત્ત અકસ્માતનો ખતરો પણ ટાળી શકાય. આ યોજના પાછળ અંદાજિત રૂ ૫.૮૦ કરોડનો ખર્ચ નિયત કરાયો છે. શહેરમાં છેલ્લા બે દાયકાથી વધુ સમયથી ગતિ નિયંત્રણના બોર્ડસ લાગેલા છે. પરંતુ ગતિ નિયંત્રણનો અભાવ વર્તાય છે. આ સ્થિતિ વચ્ચે મુખ્યમાર્ગો પર અત્યાર સુધી અનેકવાર આ ક્રોસ જંકશન અકસ્માતનુ કારણ બન્યા છે. અકસ્માત નિવારવા માટે અનેકવાર ક્રોસ થતા પોઈન્ટ પર માર્ગ સલામતી જળવાય તે માટે અસરકારક પગલા લેવા માટે પણ રજુઆત કરવામાં આવી છે. જેને અનુલક્ષીને તંત્ર દ્વારા આ નવતર યોજના હાથ ધરવાનુ આયોજન કરાયુ છે. જો કે હાલ આ પ્રોજેકટને અનુલક્ષી વહીવટી મંજુરી આપવામાં આવી ન હોવાથી આગામી દિવસોમાં આ મામલે ક્રોસ જંકશન આધારિત સર્વે રીપોર્ટ તૈયાર કરાશે. શહેરમાં વધતા વાહનોની સંખ્યા વચ્ચે ટ્રાફિકની અવરજવર સલામત અને સરળ કરવા માટે રોડ એન્જિયરીંગમાં પણ જરૂરી ફેરફાર અનિવાર્ય છે. જયારે ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે ક્રોસ જંકશન માર્ગ સલામતીની દ્રષ્ટીએ વધુ જોખમી બન્યા છે. ત્યારે આગામી દિવસોમાં આ યોજનાને અંજામ આપવામાં આવે તેવી સંભાવના છે.

# ઓરેવાના જયસુખ પટેલને પોલીસ પકડવા જ માગતી નથી કે શું ?

મોરબી,તા.૪

મોરબીમાં ઝૂલતો પુલ તૂટી પડવાની ઘટનામાં સ્થાનિક તંત્રની લોકોની સલામતી પ્રત્યેની ઉદાસીનતા છતી થઈ રહી છે, બીજી તરફ પોલીસની જવાબદારો સામેની કાર્યવાહી પણ ખામીવાળી હોવાનું છતું થઈ રહ્યું છે. આ દુર્ઘટનામાં ૧૩૫ લોકોના મોત થઈ ગયા છે. આ પુલના મેઈન્ટેનન્સનું કામ ઓરેવા ગ્રુપને સોંપવામાં આવ્યું હતું જેના માલિક જયસુખ પટેલની હજુ સુધી પોલીસ ભાળ મેળવી શકી નથી. એવા પણ આક્ષેપો થઈ રહ્યા છે કે પોલીસ દ્વારા તેમને પકડવાના પ્રયાસો જ કરાઈ રહ્યા નથી. પોલીસે આ કેસમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટનો હવાલો આપીને આ ઘટનામાં મૃત્યુ પામેલા લોકોના પોસ્ટમોર્ટમ કરાવ્યા નથી. અધિકારીઓ પોસ્ટમોર્ટમ ના કરવાનું કારણ જણાવે છે, પરંતુ તેનો ઉલ્લેખ ણૈંઇમાં કરવામાં આવ્યો જ નથી. નિયમ પ્રમાણે અકુદરતી મોત માટે પોસ્ટમોર્ટમ ના કરવાનો ઉલ્લેખ ણૈંઇમાં કરવાનો હોય છે. ૩૦ ઓક્ટોબરની સાંજે ઘણાં મૃતદેહો મોરબી સિવિલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલોમાં મોકલવામાં આવ્યા હતા. ૨૦૦૮માં અમદાવાદમાં થયેલા સિરિયલ બ્લાસ્ટમાં ૫૬ લોકોના મોત થઈ ગયા હતા અને તેમાંથી કેટલાક મૃતદેહોનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. જ્યારે આ કેસ અંગે તપાસ અધિકારી પીએ ઝાલાનો સંપર્ક કરવામાં આવ્યો તો તેમણે જણાવ્યું કે, આપત્તિમાં મૃત્યુ પામેલા હોય તેમના પોસ્ટમોર્ટમ કરવામાં આવતા નથી. મોરબીની ચીફ જ્યુડિશિયલ કોર્ટે જણાવ્યું કે,ઁ ઝની કલમ ૩૮૮ને જોડવાની મંજૂરી નથી, કારણ કે સ્ન્ઝ કોર્ટમાં રજૂ કરેલા ફોર્મથી તે સાબિત થતું નથી કે જે ૮ પીડિતો ઈજા થઈ છે તે ગંભીર પ્રકૃતિની છે. આ બધા વચ્ચે જયસુખ પટેલ ૩૦ ઓક્ટોબરથી સંપર્કમાં નથી.

**વિધાનસભાની ચૂંટણીને પગલે**

# બનાસકાંઠા જિલ્લાના ૩૦ માર્ગો પર ચેકપોસ્ટ ઉભી કરીને પોલીસનું સઘન ચેકિંગ





વિધાનસભાની ચૂંટણીની જાહેરાત થતા જ બનાસકાંઠા પોલીસ દ્વારા ચેકપોસ્ટ ઉપર સઘન ચેકીંગ હાથ ધરાયું છે અને રાજસ્થાનથી ગુજરાતમાં પ્રવેશતા તમામ વાહનોનું બારીકાઈથી ચેકીંગ કરી ગુજરાતમાં પ્રવેશ અપાઈ રહ્યો છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈને બનાસકાંઠા પોલીસ એલર્ટ મોડમાં આવી છે. રાજસ્થાન તરફથી કોઈપણ પ્રકારના કેફી દ્રવ્યો, દારૂ કે પછી અન્ય કોઈ પદાર્થ ગુજરાતમાં ઘુસાડવામાં ન આવે તે માટે બનાસકાંઠા પોલીસે રાજસ્થાનને જોડતા જિલ્લાના ૭ મુખ્ય માર્ગો અને અન્ય ૨૩ નાના માર્ગો સહિત ૩૦ માર્ગો ઉપર ચેકપોસ્ટ ઉભી કરીને રાજસ્થાન તરફથી આવતાં તમામ વાહનોનું ચેકીંગ કરાઈ રહ્યું છે બનાસકાંઠા એસપી અક્ષયરાજ મકવાણા દ્વારા રાજસ્થાન-ગુજરાતને જોડતી અમીરગઢ, ગુન્દરી અને થરાદ ચેકપોસ્ટ ઉપર સઘન ચેકીંગ હાથ ધરવાની સૂચના અપાઈ છે. જોકે આજે ખુદ એસ પીએ અમીરગઢ બોર્ડર પર હાજર રહી રાજસ્થાન તરફથી આવતા વાહનોનું બારીકાઈથી ચેકીંગ હાથ ધર્યુ છે. ઉલ્લેખનીય છે કે, ચૂંટણી સમયે રાજસ્થાનમાંથી ગુજરાતમાં મોટા પ્રમાણમાં દારૂ ઠલવાતો હોય છે. ત્યારે આ વખતે કોઈ બુટલેગરો સક્રિય થઈ ગુજરાતમાં દારૂ ન ઘુસાડે તે માટે જિલ્લા પોલીસ તમામ બોર્ડરો ઉપર સઘન ચેકિંગ હાથ ધરી રહી છે.

# ઈતિહાસમાં પહેલીવાર ગીરના સીદીઓ માટે ૩ અલગ વોટિંગ બૂથ બનાવાશે

**સીદી સમુદાયના લોકો ઉત્સાહભેર લોકશાહીના પર્વના ભાગીદાર બનશે : કુલ ૩૪૮૧ સીદી સમાજના મતદારો પોતાના માટે ખાસ બનેલા બૂથમાં મતદાન કરશે અને પોતાની ભારતીયતાનો ગૌરવ લેશે**

ગીર-સોમનાથ,તા.૪

ગીર સોમનાથ જિલ્લામાં વસતા ૩,૪૮૧ સીદી સમાજના મતદારો માટે ઈતિહાસમાં પ્રથમ વખત ચૂંટણી પંચ ત્રણ અલાયદા મતદાન બુથ તૈયાર કરાશે. આ બુથ વિવિધતામાં એકતા અને ભારતીય લોકશાહીની શક્તિના સાક્ષી આપનાર બનશે.

સદીઓ પહેલા જૂનાગઢના નવાબ દ્વારા મજૂરી કામ માટે ગુલામ તરીકે લવાયેલા આફ્રિકન પ્રજાતિના લોકો વર્ષો બાદ હવે પૂર્ણતઃ ભારતીય બન્યા છે. ભાષા અને રહેણીકરણીથી લઈને મતાધિકાર સુધી તેઓ ભારતીય છે. ભારતીયતા તેઓની રગેરગમાં ઝળકે છે.

અંદાજે ૧૫ મી સદી બાદ જૂનાગઢના તત્કાલીન નવાબે ઉપરકોટનો કિલ્લો બંધાવવા માટે ગુલામો તરીકે કેટલાક આફ્રિકન લોકોને લાવવામાં આવ્યા હતા. ઉપરકોટના કપરા ચઢાણમાં પણ આફ્રિકન પ્રજાતિના આ લોકોએ કોઈપણ યાંત્રિક મદદ વગર અનેક ટનનો વજન ઉપર ચઢાવ્યા હતા. જેને કારણે ઉપરકોટનો કિલ્લો બન્યો હતો. કિલ્લાનું કામ પૂર્ણ થયા બાદ જુનાગઢના રાજાએ તેમને વસવાટ આપ્યો હતો. નવાબે તેમને ગીર જંગલની મધ્યમાં જાંબુર નામનું નાનું એવું ગામ આપ્યું, જ્યાં આ પ્રજાતિ વસી હતી. પહેલા એવુ લાગ્યુ હતું કે, સિંહો આ પ્રજાતિને ખાઈ અને ખતમ કરી દેશે. પરંતુ આફ્રિકામાં સિંહો સાથે ઉછરેલી આ પ્રજાતિ એશિયાઈ સિંહોને જોઈને વધુ ઉત્સાહિત થઈ. તેમને થયું કે પોતે વતન પહોંચી ગયા. અને આ રીતે સદીઓથી તેઓ ગીરના જાંબુર ગામમાં વસ્યા છે.

સીદી સમાજ એ ગુજરાતની અસ્મિતાનો અભિન્ન અંગ છે. દેશ વિદેશમાંથી આવતા મહેમાનો આફ્રિકી ભારતીય સીદી સમાજનું ધમાલ નૃત્ય જોવાનું અચૂક પસંદ કરે છે. ત્યારે ભારતના ચૂંટણી પંચ દ્વારા પણ ગુજરાતના અભિન્ન અંગ પરંતુ ભૂપૃષ્ઠ અને લાક્ષણિકતાની દ્રષ્ટિએ આ વિશિષ્ટ પ્રજાતિને ચૂંટણી પ્રક્રિયામાં વિશેષ સન્માન આપ્યું છે. પહેલીવાર સીધી સમુદાય માટે જાંબુર અને માધુપુર ગામે ત્રણ વિશેષ બુથ તૈયાર કરવામાં આવશે. કુલ ૩૪૮૧ સીદી સમાજના મતદારો

# કપરાડા તાલુકામાં વડાપ્રધાન સભાને સંબોધન કરીને ચૂંટણીનો પ્રચાર કરશે

**રાજ્યમાં ચૂંટણી પ્રચાર માટે રાજકીય પક્ષોની શરૂઆત : કપરાડાના નાનાપોઢા ખાતે વડાપ્રધાન સભાને સંબોધશે, જેને લઈ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને હોદ્દેદારોએ કાર્યક્રમની તૈયારીઓમાં જોતરાયા છે**

વલસાડ,તા.૪

રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી માટે મતદાનની તારીખ જાહેર થઈ ગઈ છે. ચૂંટણી માટે રણશિંગુ ફૂંકાઈ ચૂક્યું છે. રાજ્યમાં ચૂંટણી પ્રચાર માટે તમામ રાજકીય પક્ષઓએ શરૂઆત કરી રહી છે. ત્યારે ગુજરાતની મુલાકાતે ફરી એક વખત વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવી રહ્યા છે. વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સભાને સંબોધન કરીને ચૂંટણીનો પ્રચાર કરશે. કપરાડા ખાતે આયોજીત ચૂંટણીની સભાની પૂરેપૂરી તૈયારી કરવા ભાજપના અગ્રણીઓ અને પાણી પુરવઠા મંત્રીએ તમામ તૈયારીઓ ઉપર સીધી નજર રાખી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓએ કપરાડા તાલુકાની મુલાકાત લીધી હતી.



જોકે,ઁ સ્ બન્યા બાદ પ્રથમ વખત સભાને સંબોધવા નરેન્દ્ર મોદી આવી રહ્યા હોવાથી ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.વલસાડ જિલ્લાનો કપરાડા તાલુકો આદિવાસી વિસ્તાર તરીકે ગણાય છે. અહીંના ધારાસભ્ય જીતુ ચૌધરી રાજ્યના નર્મદા અને કલ્પસર અને પાણી પુરવઠા મંત્રી છે. વિધાનસભાની ચૂંટણી માટે મતદાનની તારીખ જાહેર થયા બાદ ૬ નવેમ્બરે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કપરાડાથી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કરવા જઈ રહ્યા છે. તાલુકાના મ્તૅ ના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કપરાડાના નાનાપોઢા ખાતે વડાપ્રધાન સભાને સંબોધશે. જેને લઈ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો અને હોદ્દેદારોએ કાર્યક્રમની તૈયારીઓમાં જોતરાયા છે.

વડાપ્રધાનના આગમનને લઈ ૫૦ હજારથી વધુની જનમેદની ઉમટી પડશે તેવી જોવા મળી રહ્યું છે. વડાપ્રધાનના આગમનને પગલે વલસાડ સહિત આજુબાજુના જિલ્લાઓમાંથી પણ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓને આવવા માટે આહવાન કરાયું છે. હાલ વડાપ્રધાનના કાર્યક્રમની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

# ગુજરાતીમાં અનુવાદ કરવા GTUના અધ્યાપકોની મહેનત રંગ લાવી

**રાજ્યની સૌથી મોટી ટેકનીકલ યુનિવર્સિટી જીટીયુની ટીમ મિશન એન્જિનિયરિંગ ઈન ગુજરાતીના કામે લાગી છે**

અમદાવાદ,તા.૪

જ્યારથી મેડિકલ અને એન્જિનિયરિંગના અભ્યાસક્રમો ગુજરાતીમાં ભણાવવાનો નિર્ણય લેવામા આવ્યો છે ત્યારથી રાજ્યની સૌથી મોટી ટેકનીકલ યુનિવર્સિટી જીટીયુની ટીમ મિશન એન્જિનિયરિંગ ઈન ગુજરાતીના કામે લાગી છે. અંદાજે ૧૬ અધ્યાપકોની ટીમ એન્જિનિયિરિંગના પુસ્તકોને ગુજરાતી ભાષામાં કન્વર્ટ કરવાની જહેમત કરી રહ્યાં છે. જેમાં ૨૦ જેટલા પુસ્તકોનો અનુવાદ ગુજરાતીમાં તો કરી દેવાયો છે. સાથે જ અંદાજે ૪૯ હજારથી વધુ ટેકનીકલ શબ્દોનો અનુવાદ કરી દેવામા આવ્યો છે. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સીટી દ્વારા ચાલુ શૈક્ષણિક વર્ષથી મિકેનિકલ, સિવિલ, ઈલેકટ્રીકલ અને ઈલેકટ્રોનિક્સ કોમ્યુનિકેશન સહિતની કોર બ્રાંચમાં ગુજરાતી માધ્મયમાં એન્જિનિયરિંગ શરૂ કરવામા આવ્યું છે, ત્યારે વિદ્યાર્થીઓને કોઈપણ પ્રકારની તકલીફ ન પડે તે માટે પ્રથમ વર્ષના તમામ પુસ્તકોનો અનુવાદ કરી દેવામા આવ્યો છે.

જીટીયુના અધ્યાપકોની ટીમ દ્વારા ૪૯૮૧૦ એટલે કે આશરે ૫૦ હજાર શબ્દોનો અનુવાદ કરવામાં આવ્યો છે. જીટીયુના કુલપતિ પ્રો. નવીન શેઠએ જણાવ્યુ હતુ કે, અંગ્રેજીને કારણે અનેક વિદ્યાર્થીઓ અભ્યાસ છોડી દેતા હતા, પરંતુ ગુજરાતીમાં અનુવાદને કારણે વિદ્યાર્થીઓ અભ્યાસ કરી શકશે. ગુજરાતીની સાથે-સાથે અંગ્રેજીમાં પણ શબ્દ લખેલો છે જેથી વિદ્યાર્થી અન્ય રાજ્યમાં કે દેશમાં જાય તો તેને જોબ મેળવવામા તકલીફ ન પડે. તેમનું એમ પણ કહેવું છે કે, નવી શિક્ષણનીતિ અનુસાર રિજીયોનલ લેંગવેજમાં વિદ્યાર્થીઓ અભ્યાસ કરે તે પ્રકારની એક જોગવાઈ છે. ગયા વર્ષે ૧૦ રાજ્યોમાં પોતાની પ્રાદેશિક ભાષામાં એન્જિનિયરિંગના કોર્સિસ શરુ થયા. આ વર્ષે એમાં ગુજરાત રાજ્ય પણ ઉમેરાયું છે. જીટીયુ દ્વારા ગુજરાતીમાં પણ તેના અભ્યાસક્રમો તૈયાર થયા છે.

# ઓમકારેશ્વરમાં સુરતનાં ૧૫ લોકો ભરેલી હોડી નદીમાં ડૂબી

**માતા અને છ વર્ષનાં પુત્રનું મોત : પરિવાર ઘણાં જ આઘાતમાં સરકી ગયા છે, હાલ સ્થાનિક પોલીસે પણ આ દુર્ઘટનામાં તપાસ હાથ ધરી છે**

સુરત,તા.૪

મધ્યપ્રદેશના ઓમકારેશ્વર પાસે નર્મદા નદીમાં એક બોટ ડૂબી જવાની ઘટના સામે આવી છે. આ બોટમાં સુરતનાં ૧૫ લોકો સવાર હતા. જેમાં બે લોકાનાં મોત નીપજ્યા છે. જ્યારે ૧૩ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. આ દુર્ઘટનામાં માતા દર્શના અને છ વર્ષનાં પુત્ર નક્ષનું નર્મદા નદીમાં ડૂબતાં મોત નીપજ્યું છે. મળતી માહિતી પ્રમાણે, સુરતનાં ૧૫ રહેવાસી ઓમકારેશ્વર દર્શન માટે ગયા હતા. તેઓ જ્યારે ઓમકારેશ્વર પાસે નર્મદા નદીમાં બોટમાં જઇ રહ્યા હતા. તે દરમિયાન આ ગોઝારી ઘટના બની હતી અને જોતજોતામાં આખી બોટ નદીમાં ડૂબી ગઇ હતી. જોકે, આ ઘટનાની જાણ થતા તરત જ રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરાયુ હતુ. જેમાં સુરતનાં ૧૩ લોકોને બચાવી લેવામાં આવ્યા હતા. પરંતુ માતા દર્શનાબેન અને છ વર્ષનો પુત્ર નક્ષનું ડૂબવાને કારણે દુખદ મોત નીપજ્યું હતુ. આ દુર્ઘટનાને કારણે પરિવારના પગની નીચેથી જમીન સરકી ગઇ હોય તેવો માહોલ સર્જાયો છે. પરિવાર ઘણાં જ આઘાતમાં સરકી ગયા છે. હાલ



સ્થાનિક પોલીસે પણ આ દુર્ઘટનામાં તપાસ હાથ ધરી છે. થોડા મહિના પહેલા મધ્યપ્રદેશના ભીંડમાં સિંધ નદીમાં એક બોટ પલટી જતાં ડૂબી ગઈ હતી. એ બાદ નદીમાં ડૂબી રહેલા ૧૪ લોકોમાંથી ૧૨ લોકોને બચાવી લેવાયા હતા. આ ઘટના નયાગાંવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બની હતી. દુર્ઘટનાનું કારણ એક તૂટેલી અને જર્જરિત બોટ જણાવવામાં આવી રહ્યું હતુ. જેમાં ક્ષમતા કરતાં વધુ લોકો પણ સવાર હતા. જ્યારે બોટ નદીની વચ્ચે પહોંચી ત્યારે એમાં પાણી ભરાઈ ગયું હતું, જેને કારણે બધા ડરી ગયા અને ઊભા થઈ ગયા. પછી બોટ પલટી ગઈ અને નદીમાં ડૂબી ગઈ હતી.

## ભણકારા

● અનુસંધાન પહેલાનું ચાલુ

માટે ઘર્ષણ થયુ હતુ. બંને દેશો વચ્ચે વિવાદનુ એક કારણ સાઈપ્રસના ભાગલા પણ છે.જોકે વધારે વિવાદ એજિયન અને પૂર્વી ભૂમધ્ય સમુદ્રમાં આવેલા ટાપુઓના અધિકારીને લઈને છે.

બંને દેશ પોતાના પોતાની હવાઈ સીમાના ભંગનો સામેના દેશ પર આરોપ લગાવતા આવ્યા છે.તુર્કીનુ કહેવુ છે કે, ગ્રીસ એજિયન સમુદ્રમાં ટાપુઓ પર કબ્જો કરી રહ્યુ છે અને તેના માટે અમે જે પણ જરુરી હશે તે કાર્યવાહી કરશે.

તો ગ્રીસે કહ્યુ છે કે, જો તુર્કીએ કોઈ પણ જાતનો હુમલો કર્યો તો ગ્રીસ પણ તબાહી સર્જાય તેવો જવાબ આપશે.

## હત્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ધરપકડ કરાયેલા ગેંગસ્ટરો રિંડા અને લિંડાના ગુલામ હતા. તેમની પૂછપરછમાં સનસનીખેજ ખુલાસા સામે આવ્યા છે. ધરપકડ કરાયેલા ગુંડાઓ શિવસેનાના નેતા સુધીર સૂરી પર હુમલો કરવાનો પ્લાન ઘડી રહ્યાં હતી. આ માટે તેણે રેકી પણ કરી હતી. તેઓ ગુનાને અંજામ આપે તે પહેલા જ પોલીસ અને એસટીએફે ચારેયને પકડી લીધા હતા. આરોપીઓએ એવી પણ કબૂલાત કરી હતી કે, સુરતી પર હુમલો દિવાળી પહેલા કરવાનો હતો. આ ગુંડાઓની ધરપકડથી પંજાબમાં મોટી ઘટના ટળી હતી.

## પાણીનો ભરાવો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. સેકટરોમાં આંતરિક વિસ્તારમાં ગટરોનુ દુષિત પાણી ઘર આંગણે જ ઉભરાતા સ્થાનિકો પણ તોબો પોકારી ગયા છે. સેકટરમાં ગટર લાઈનના મેઈન હોલમાં ભંગાણ થવાના લીધે પણ તંત્રએ અનેકવાર દોડવાનો વારો આવ્યો છે. થોડા દિવસો અગાઉ ખ માર્ગ પર ગટર લાઈનમાં ભંગાણ થતા તંત્રએ રાત આખી ઉજાગરો કરવાની નોબત આવી હતી જો કે હાલ સેકટરોમાં પણ ગટર લાઈનમાં એક સાંધે ત્યાં તેર તુટે તેવી સ્થિતિ છે. શહેરના નવા અને જુના સેકટરોમાં છાશવારે ગટર લાઈનની સમસ્યા ઉદભવે છે. જયારે નવી લાઈન નાંખવાનુ કામ અલબત્ત ગટર લાઈનના નેટવર્કનુ અપગ્રેડેશન અને નવિનીકરણ પુરુ નહીં થાય ત્યાં સુધી આ સમસ્યા યથાવત રહેશે તેમ પણ મનાઈ રહ્યુ છે. શહેરના સે-૪ એ માં પ્લોટ નં ૧૭૭ :૧ માં ગટર ઉભરાય છે. જેના લીધે ઘર આંગણે જ દુષિત પાણી ઉભરાતા અસહ્ય દુર્ગંધયુક્ત માહોલ વચ્ચે રહીશો તોબા પોકારી ગયા છે. સ્થાનિકોએ આ મામલે ઈન્કવાયરી કચેરીમાં પણ ફરિયાદ કરી છે. આમછતા હજુ સુધી કોઈ ઉકેલ આવ્યો નથી. આ ફરિયાદનુ ત્વરિત નિરાકરણ આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## સંવેદનનું સ્ટેટસ

● અનુસંધાન ચોથાનું ચાલુ...

સ્ત્રીના ધાવણમાં વધારો કરે છે તથા શ્વેતપ્રદર મટાડે છે.

ફાયદા :

૧). જો કોઈને શરીરમાં કોઈપણ સોજાવા કે દુખાવાની ફરિયાદ હોય તો શિંગોડામાં એનાલ્જેસિક અને એન્ટી ઈન્ફલેમરી ગુણો હોય છે, જે રાહત આપે છે.

૨). હાઈ બ્લડપ્રેશર નિયંત્રિત કરવા માટે શિંગોડા ઔષધનું કામ કરે છે. તેમાં પોટેશિયમ આવેલું હોવાથી લોહીની નસોને આરામ મળે છે.

૩). બ્લડ પ્રેશર અને કોલેસ્ટ્રોલને કારણે હૃદયની બીમારીઓ થાય છે. જેને નિયંત્રિત કરવા માટે શિંગોડા મદદરૂપ થઈ શકે છે.

૪). લોહીમાં વધારે સુગરને કારણે ડાયાબીટિઝની સમસ્યા થઈ શકે છે. શિંગોડામાં પોનિફિનોલ્સ નામનું તત્વ લોહીમાં સુગરને નિયંત્રણમાં રાખવાનું કામ કરે છે

૫). શિંગોડામાં ભરપૂર માત્રામાં એન્ટી ઓક્સીડેંટ અને એન્ટી કેન્સર ગુણો ઉપલબ્ધ છે. જે કેન્સરથી બચાવવામાં મદદરૂપ થઈ શકે છે.

૬). વધતા વજન અને મોટાપાની સમસ્યા અસંખ્ય બીમારીઓ સાથે લાવે છે. શિંગોડા વજન નિયંત્રિત રાખવામાં કંઈક અંશે મદદરૂપ થઈ શકે છે"

એક ઓછા જાણીતા ફળ વિશે આટલી વિસ્તૃત માહિતી? ખરેખર વિશ્વકારક છે.આપણે સૌ જાણેઅજાણે આ ફળથી પરિચિત છીએ.એના ચાહક પણ હોઈએ છીએ.કુદરતી રીતે જે ફળ બાહ્ય દેખાવ કે રંગ રૂપથી? માણસને પ્રભાવિત કરી શકતું નથી.એની અંદરની લીલા કે વૈભવ આટલો ભવ્ય હશે એ બાબત આપણને પુલકિત કરી જાય છે. હવે જ્યારે તમે કોઈ તળાવને કાંઠે કે કોઈ સડકને કિનારે કોઈ શિંગોડા લઈને બેઠેલા પરિવારને જુઓ;ત્યારે અચૂક એની પાસે ઉભા રહી જળના વૈભવ જેવું આ ફળ માણવાનું ચૂકતા નહીં.!